**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૯૫ ટકા

# શહેરમાં વરસાદના વિઘ્નથી ખેલૈયાઓ ચિંતાતુર

## ખેલૈયાઓ રેઈનકોટ પહેરીને પણ ગરબા રમશે તેમ જણાવી રહ્યા છે

ગાંધીનગર, તા.૨૫

**નવરાત્રીને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે શહેરમાં વરસાદે માઝા મુકી છે. ખેલૈયાઓ છેલ્લા ઘણા દિવસો અગાઉથી ગરબાની પ્રેકટીસ કરી રહ્યા છે સાથે સાથે અમુકે તો નવે નવ દિવસના ટ્રેડિશનલ ડ્રેસ પણ તૈયાર કરી લીધા છે. વરસાદનું પ્રમાણ દિવસે દિવસે વધવાથી ખેલૈયાઓ ચિંતાતુર છે અને મા અંબાને નવરાત્રી દરમિયાન વરસાદ ન પડે તેવી વિનવણી કરતા જણાઈ રહ્યા છે.**

● **ઉત્સવ પરમાર**

ગાંધીનગરાઓનો તો નવરાત્રી મોસ્ટ ફેવરિટ તહેવાર છે. નવરાત્રી સાથે ઘણી લાગણી



જોડાયેલી છે અને નવરાત્રીની ઘણા મહિનાઓ અગાઉથી તૈયારી કરી છે, ઘણા ખર્ચા કર્યા છે. નવરાત્રીમાં પહેરવા નવે નવ દિવસના ડ્રેસ તૈયાર કર્યા છે. અમે નવરાત્રીની એટલી આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. અમે નથી ઈચ્છતા કે વરસાદના લીધે અમારા અરમાનો પર પાણી ફરી જાય. હું અને મારા સાથી ખેલૈયાઓ મળીને માતાજીને પ્રાર્થના કરીશું કે હવે મેઘા-ફાઈનલ સુધી વરસાદ ન પડે.

● **પ્રજ્ઞા ગજ્જર**

આપણે રહ્યા ગુજરાતી. ગુજરાતની ઓળખાણ એટલે જ ગરબા ત્યારે આ વરસાદ જેવા વિઘ્નોથી ડર્યા વગર વર્ષારાણીને વધાવીશું અને આ નવલી નવરાત્રીને મા અંબેની ભકિત કરી અનેરા આનંદથી ઉજવીશું. છેલ્લા બે મહિનાથી હું અને મારા સાથી ખેલૈયાઓ ગરબાની પ્રેકટીસ કરીએ છીએ ડ્રેસ પાછળ અને ગરબા ટ્રેનિંગ



પાછળ ઘણો ખર્ચો કરવામાં આવ્યો છે. નવરાત્રીના આ નવ દિવસ અમારા છે તો વરસાદમાં પણ અમે ઝુમીશું.

● **સ્વીટુ પટેલ**

નવરાત્રી એ આપણા ગુજરાતીઓ માટેનો ખૂબ જ પ્રખ્યાત, મોટો અને લોકપ્રિય



તહેવારોમાંથી એક ગણાય છે. જેના પ્રત્યેનો ઉત્સાહ એ દરેક વર્ષે અનેરો હોય છે. બહુ ઓછા દિવસો નવરાત્રીને રહ્યા છે અને આ વરસાદે માઝા મુકી છે. અમે ખેલૈયાઓ ગરબા કલાસીસમાં નવરાત્રી પ્રેકટીસ કરી રહ્યા છીએ અને ગરબાનો આનંદ અમારા માટે અનેરો છે. વરસાદને કારણે અમારી પ્રેકટીસમાં ય ખલેલ પહોંચે છે. નવરાત્રીના નવમાંથી એક પણ દિવસમાં જો વરસાદ પડે તો અમારો ઉત્સાહ પહેલા જેવો જળવાશે નહીં. માં અંબેને એટલી જ પ્રાર્થના છે કે ચાલુ નવરાત્રીએ વરસાદ ન પડે.

● **દેવાંગી મહેતા**

નવરાત્રીનો ઉત્સાહ એટલો છે કે મેં નવરાત્રીના ઘણા દિવસો પહેલાથી ગરબા તથા ચણિયાચોળી બનાવવાની તૈયારી શરુ કરી દીધી છે. છેલ્લા



ત્રણેક મહિનાથી મેં પ્રેકટીસ શરુ કરી દીધી છે જે હવે નવરાત્રીમાં વરસાદ પડશે તો હું રેઈનકોટ વાળા ચણીયાચોળી પહેરીનેય ગરબા તો રમીશ જ.

● **પ્રીન્સ ગોસ્વામી**

નવરાત્રી અને વરસાદ? સપનામાં વિચારુંને તોય ઉંઘ ઉડી જાય છે. ગુજરાત માટે નવરાત્રીનો તહેવાર તો શાન છે. છેલ્લા ઘણા દિવસોથી વરસાદ વરસતો હોવાથી મને ચિંતા સતાવી રહી છે કે નવરાત્રીના ત્રણ મહિના



પહેલા સ્પેશિયલ ગરબા કલાસમાં જઈ મેં ગરબાની પ્રેકટીસ કરી છે જો વરસાદ પડશે તો આ વર્ષ દુ:ખદાયક રહશે.

● **મેઘલ વિ. ત્રિવેદી**

નવરાત્રીની તો ગુજરાતીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય છે. છેલ્લા ત્રણ મહિનાથી અમને ગરબા કલાસીસમાં ગરબાની પ્રેકટીસ કરી છે. ખુબ જ ઉત્સાહથી નવા ચણિયાચોળી ખરીદ્યા છે. પણ વરસાદથી હું અને મારા સાથી ગરબા પ્રેકટીસ કરતા મારા સાથીદારો નારાજ થઈ ગયા છીએ. જો વરસાદ ચાલુ જ રહ્યો તો અમે કરેલી નવરાત્રીની



આટલા દિવસની તૈયારીઓનું શું? એની ચિંતા સતાવી રહી છે.

● **કીંજલ પ્રજાપતિ**

અમે છેલ્લા ઘણા દિવસોથી ગરબાની પ્રેકટીસ કરીએ છીએ નવરાત્રીમાં રમવા



માટે નવા નવા સ્ટેપ શીખ્યા છે. વરસાદને કારણે નવરાત્રીમાં ગરબા કેવી રીતે રમવા એ એક મોટો પ્રશ્ન થઈ રહ્યો છે વરસાદ આવશે ને તો રેઈનકોટ પહેરીને પણ હું ગરબા રમીશ. કેટલાય દીવસોથી નવરાત્રીની રાહ જોઈ રહી છું. વરસાદની આ મનમાની નહીં ચાલે.

● **પ્રત્યુશા ત્રિવેદી**

નવરાત્રી જેવા મહાપર્વની તૈયારી અમે બે મહિનાથી શરુ કરી છે. અને આ લગાતાર આવતા વરસાદથી અમે બહુ જ ચિંતામાં છીએ કે કઈ રીતે નવ દિવસ રમવા જઈશું? આટલી તૈયારી કર્યા પછી વરસાદ અમને રાસ ગરબા નહીં



રમવા દે કે શું? મેં તો ચણિયાચોળી, બંગડી, બુટ્ટી, ઝાંઝર અલગ અલગ ઘરેણાની તૈયારી અગાઉ બે મહિનાથી શરુ કરી છે.

● **આર્યન ગોસ્વામી**

ગુજરાતનો મુખ્ય તહેવાર નવરાત્રી જેને બધા ઉત્સાહપૂર્વક ઉજવે છે. અને હું છેલ્લા ઘણા દિવસોથી ગરબાની પ્રેકટીસ કરું છું. છેલ્લા ઘણા દિવસોથી વરસાદની સ્થિતિને જોતા ડર લાગે છે કે અમારી તો નવરાત્રી બગડશે. જો એવું થાય તો મેં લાવેલા ટ્રેડિશનલ ડ્રેસ એમ તેમ પડયા રહેશે. મને તો



ગરબાનો એટલો શોખ છે કે વરસાદ પડેને તો રેઈનકોટ પહેરીનેય ગરબા રમીશ.

● **નિરવ લોથ**

અમે ખેલૈયાઓએ છેલ્લા ત્રણ મહિનાથી ગરબાની પ્રેકટીસ કરી છે અને નવરાત્રી ડ્રેસમાં પણ ખૂબ જ ખર્ચો કર્યો છે. અમારા સાથે ગરબાનું



આયોજન કરતા આયોજકોએ પણ મહેનત કરી છે. વરસાદના આવવાથી અમે ખૂબ જ ચિંતામાં મૂકાયા છીએ.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

● ડ્રીમગર્લ
૧૦.૩૦, ૧.૨૦, ૪.૧૦, ૭.૦૦, ૯.૫૦
● છીછોરે
૯.૪૦, ૧૨.૪૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
● ધ ઝોયા ફેકટર
૧.૩૦, ૭.૨૦
● રેમ્બો : લાસ્ટ બ્લડ
૧૨.૧૦, ૮.૫૦
● પલ પલ દિલ કે પાસ
૯.૦૦, ૨.૩૦, ૫.૪૦, ૧૧.૧૦
● પ્રસ્થાનમ્
૧૦.૩૦, ૪.૨૦, ૧૦.૧૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

● ડ્રીમગર્લ
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦
● પ્રસ્થાનમ્
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
● ધ ઝોયા ફેકટર
૧.૪૦, ૪.૩૦, ૭.૨૦, ૧૦.૧૦
● પલ પલ દિલ કે પાસ
૯.૪૫, ૧૨.૫૦, ૭.૨૫, ૧૦.૩૦
● છીછોરે
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
● સાહો
૩.૫૫
● ચાસણી (ગુજરાતી)
૧.૦૦

## જયોતિ મહિલા મંડળ દ્વારા ફરતા વયજૂથ ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૫

નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જયોતિ મહિલા મંડળ દ્વારા ૫ થી ૭૫ વર્ષની બહેનો માટે ફરતા વય જુથના ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧ વાગ્યે કડી કેમ્પસના ખીમજી વિસરામ હોલ ગેટ નં.૬, સે-૨૩ ખાતે યોજાશે. સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના બુચ દ્વારા નગરની બહેનોને ગરબામાં ભાગ લેવા જણાવાયું છે તથા પાસ મેળવવા માટે નીરૂબેન નાયક ૯૪૨૯૧૭૨૩૮૨, હર્ષાબા ધાંધલ ૮૪૦૧૯૦૨૩૩૫, કોકિલાબેન નાયક ૨૩૨૨૮૧૧૩, જયોતિ ઠકકર ૯૮૨૫૬૮૦૯૦૮, કિન્નરી દવે ૯૪૨૮૭૩૦૭૭૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડની ૪૨મી વાર્ષિક સાધારણ સભા ૨૨મી સપ્ટેમ્બર રવિવારે સવારે ૧૦ કલાકે આંબેડકર ભવન, સેકટર-૧૨ ખાતે મંડળીના ચેરમેન દિલીપસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં મળી હતી. સાધારણ સભામાં ગાંધીનગર શહેરના પ્રથમ નાગરીક અને મંડળીના સભાસદ રીટાબેન કેતનકુમાર પટેલનું મંડળીના ચેરમેન દિલીપસિંહ ચૌહાણ દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું જયારે મંડળીના મેનેજીંગ ડીરેકટર પંકજકુમાર શુકલએ શાલ ઓઢાડી મેયરશ્રીનું સ્વાગત કર્યું હતું. સાધારણસભામાં વિશાળ સંખ્યામાં સભાસદોએ હાજર રહીને સાધારણ સભાની



કાર્યવાહીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મંડળી તરફથી આ સભામાં તેના ૧૫,૦૦૦ સભાસદોને રૂ. ૨૦૦ ગ્રાહક વળતર અને ૧૦ ટકા પ્રમાણે રૂપિયા ૫૦ ડીવીડન્ડ આપવાની જાહેરાત કરી હતી. સાધારણ સભામાં હાજર સભાસદોએ તાળીઓના ગડગડાટથી વ્યવસ્થાપક સમિતિના આ નિર્ણયને વધાવીને મંડળીના યુવાન ચેરમેન દિલીપસિંહ ચૌહાણ અને મેનેજીંગ ડીરેકટર પંકજકુમાર શુકલ તથા તેમની આખી ટીમને અભિનંદન આપી બિરદાવ્યા હતા. મંડળીના જાગૃત સભાસદો પ્રદીપસિંહ બિહોલા, જગતાપભાઈ, ડી.એસ. પટેલ, ધીરુભાઈ ડોડીયા, રાજુભાઈ પટેલ વિગેરેએ મંડળીના પ્રમાણિક અને પારદર્શક વહીવટ થકી સમગ્ર ગુજરાત રાજયમાં આપણી સંસ્થા મોખરાનું સ્થાન શોભાવતી હોવાનું જણાવી મંડળીના વહીવટદારોને હૃદયથી અભિનંદન પાઠવ્યા હતા.

મંડળીના જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર ગજેન્દ્રસિંહ રાઠોડે દરેક સભાસદનો આભાર વ્યકત કરીને ૧૧.૩૦ કલાકે સભાની કાર્યવાહી પુર્ણ થયેલી જાહેર કરી હતી. સાધારણ સભાની કાર્યવાહીને અંતે મંડળીના સભાસદોએ સુરૂચી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

## પંકચરવાળી આઈશર પાસે ઉભા રહેલા યુવકનું અજાણી કારની ટક્કરે મૃત્યુ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર-ઈન્દીરા બ્રિજ માર્ગ પર ભાટ પાસે અજાણી કારની ટક્કરે એક યુવકનું મૃત્યું નિપજયું છે. મહેસાણાના દેલાવાડાના બે ભાઈઓ કિશન જેણાજી સોલંકી (ઉં.વ.૨૪) અને અર્જુન બંન્ને આઈશરમાં રાજસ્થાનથી આવી રહ્યા હતા. મહેસાણાની આઈસરમાં કિશન કન્ડકટર તરીકે કામ કરતો હતો. રાજસ્થાનના રાણીવાડાથી દુધ ભરેલી આઈશર ટ્રક લઈને તેઓ મહેસાણા, કલોલ અને કોબા થઈ અમદાવાદ જઈ રહ્યા હતા. તે સમયે વહેલી પરોઢે પાંચ વાગ્યાના અરસામાં આઈસર ટ્રકમાં પંકચર પડ્યું હતું. જેથી ડ્રાઈવર પંચરવાળાને બોલાવવા માટે ગયો હતો. અને કિશન બ્રિજ તરફ પથ્થર લેવા માટે ગયો હતો. તે સમયે આઈસર ટ્રક પાસે ઉભા રહેલા અર્જુનને ગાંધીનગર તરફથી આવી રહેલી એક અજાણી કારે ટકકર મારી હતી. યુવકને ટક્કર મારી કાર ચાલક અમદાવાદ તરફ ભાગી ગયો હતો. ત્યારે કિશને ફોન કરી ૧૦૮ ને જાણ કરતા તાત્કાલીક ૧૦૮ આવી પહોંચી હતી અને અર્જુનને ચેક કરતા એમ્બ્યુલન્સના અધિકારીએ મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે અકસ્માત અંગે અડાલજ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે મૃતદેહનું પીએમ કરાવી કિશનની ફરીયાદને પગલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંસ્કૃતિ સંસ્થા દ્વારા યા દેવી સર્વ ભૂતેષુ કાર્યક્રમ યોજાશે

સંસ્કૃતિ સંસ્થા, ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી અને જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૯.૧૫ વાગ્યે ટાઉનહોલ ખાતે નવરાત્રિ નિમિત્તે યા દેવી સર્વભૂતેષુ કાર્યક્રમ યોજાશે.

સંસ્કૃતિ સંસ્થા દ્વારા નવરાત્રિ નિમિત્તે કાર્યક્રમ યોજાશે. જેમાં રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા આઈ.સી.સી.આર. માન્ય આંતરરાષ્ટ્રીય કલા સંસ્થા કંકણ, રાજકોટ દ્વારા યા દેવી સર્વભૂતેષુ શિર્ષકથી ગરબા યોજાશે. જેમાં કંકણ સંસ્થાના કલાકારો દ્વારા દુર્ગા સ્તુતિ, શકિત સ્વરૂપા, ઘંટારવ, કરતાલ, ટિપ્પણી, સવાખર-ધુપેડીયા મહેંદી તે વાવી, પ્રાચીન રાસડો, વીંઝણો, ડાંડીયા જેવા કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવશે. કાર્યક્રમમાં સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહેનાર છે. સંસ્થાના સર્વે સભ્યોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ રમેશ પટેલ અને મંત્રી મનોજ શુકલ દ્વારા જણાવાયું છે.

## એક જ આવાસમાં ૨૦થી વધુ પી.જી. હોવાથી વસાહતીઓમાં રોષ

ગાંધીનગર, તા.૨૫

સેકટર-૭-ડીમાં મોટા પ્લોટવાળા આવાસો ઉચ્ચ કક્ષાના અધિકારીઓના હોવાથી તેમાં પી.જી. તરીકે ભાડે આપવામાં આવી રહ્યા છે. સેકટર-૭-ડીમાં આવો ૧૨૦૩/૧ પ્લોટ આવેલો છે જેમાં ૨૦થી વધુ સંખ્યામાં પી.જી. વસવાટ કરે છે. આ પી.જી. કન્યાઓ હોવાથી ત્યાં બાઈક સવારોની ચહલપહલ વધતી રહી છે. આટલી સંખ્યામાં પીજી રહેવાથી આજુબાજુના વસાહતીઓ તથા તેમના સંતાનો પર પડનારી અસરોથી વસાહતીઓ ત્રાસી ગયા છે તો સત્તાવાળાઓએ આવા આવાસો સામે કડક કાર્યવાહી કરવી જરુરી છે તેમ સામાજિક કાર્યકર પ્રકાશભાઈ મસંદે સત્તાવાળાઓ સમક્ષ પણ રજુઆત કરેલ છે.

## શનિવારે વાવોલમાં હેપ્પી યુથ કલબના "ત્રિવેણી આરોગ્ય" કાર્યક્રમનું આયોજન

### સિદ્ધનાથ મહાદેવ ખાતે "સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ", "સ્વાસ્થ્ય વર્ધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ" અને "હેપ્પી સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ" યોજાશે

ગાંધીનગર, તા.૨૫

હેપ્પી યુથ કલબ તથા દ્વારા સેકટર-૨૨ની સરકારી આયુર્વેદિક હોસ્પિટલ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા અંતર્ગત કલોલ શાખાના સંયુક્ત ઉપક્રમે "ત્રિવેણી આરોગ્ય" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. "ત્રિવેણી આરોગ્ય" કાર્યક્રમ આગામી તા. ૨૮મી સપ્ટેમ્બર શનિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમ્યાન વાવોલમાં તળાવ સામે સ્થિત સિદ્ધનાથ મહાદેવના મંદિરના પ્રાંગણમાં યોજાશે જેમાં નિ:શુલ્ક "સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ", "સ્વાસ્થ્ય વર્ધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ" અને "હેપ્પી સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ તથા કમલાપુંજ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી કરવામાં આવ્યું છે. આ "ત્રિવેણી આરોગ્ય" કાર્યક્રમ દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા "હેપ્પી શિક્ષા પ્રોજેકટ" અંતર્ગત જરૂરિયાતમંદ વર્ગના ૫૦ બાળકોને વિના મુલ્યે "શૈક્ષણિક કીટ"નું વિતરણ કરવામાં આવશે.

સર્વ રોગ નિદાન કેમ્પમાં આયુર્વેદના નિષ્ણાત તબીબો દ્વારા વિના મુલ્યે વિવિધ રોગોનું નિદાન તથા જરૂર જણાય તો સારવારની સુવિધા પૂરી પાડવામાં આવશે. શિબિરમાં પેટના રોગો, શ્વાસ, ઉધરસ, કફ, સાંધાના દુખાવા, મણકાની તકલીફ, ડાયાબીટીસ, સ્થૂળતા, કાન-નાક-ગળા-આંખ-અને દાંતના રોગો, વ્યંધત્વ, ઉત્તમ સંતતિ, સગર્ભાવસ્થાની સમસ્યા સહિતના તમામ રોગો અંગે દર્દીઓને નિદાન તથા સારવાર અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે તેમજ જરૂરિયાત મુજબ વિના મુલ્યે દવાઓ પણ આપવામાં આવશે.

આ કેમ્પનો મહત્તમ લાભાર્થીઓ લાભ લઈ શકે તે માટે હેપ્પી યુથ કલબ દ્વારા અનુરોધ કરવામાં આવે છે. આ સાથે અત્યારે વરસાદી માહોલ બાદ ફેલાયેલા તાવ-શરદી અને ડેન્ગ્યુ-સ્વાઈન ફ્લૂ જેવા વાવરને પગલે વાવોલ તથા આસપાસના વિસ્તારના નાગરિકોની આરોગ્ય સલામતીના હેતુસર વિના મૂલ્યે "સ્વાસ્થ્ય વર્ધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ" કરવામાં આવશે. આ ઉપરાંત યુવાનોમાં સમાજ પ્રત્યે જવાબદારી અને સેવાની ભાવના ખીલે તેમજ કેન્સર અને થેલેસેમિયા જેવા ગંભીર રોગોની સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાના આશાથી "હેપ્પી સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓને પ્રમાણપત્ર તેમજ શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવશે. આ "ત્રિવેણી આરોગ્ય" કાર્યક્રમ દરમ્યાન હેપ્પી યુથ કલબ દ્વારા "હેપ્પી શિક્ષા પ્રોજેકટ" અંતર્ગત જરૂરિયાતમંદ વર્ગના ૫૦ બાળકોને વિના મુલ્યે "શૈક્ષણિક કીટ"નું વિતરણ કરવામાં આવશે.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ફરતા ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૫

દર વર્ષની જેમ આ વર્ષે પણ સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા વય જુથ પ્રમાણે ફરતા ગરબાનું આયોજન તા. ૧ ઓકટોબરના રોજ બપોરે ૨ થી ૫ દરમિયાન સે-૧૬ સચ્ચિદાનંદ બ્રહ્મભવન ખાતે કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા સમાજની બહેનોને સમયસર હાજર રહી ગરબામાં ભાગ લેવા જણાવાયું છે.

## સે-૫-બી ખાતે નવરાત્રી મહોત્સવ

મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ દ્વારા સે-૫ ખાતે નવરાત્રી મહોત્સવની મળેલી સભામાં પ્રમુખ તરીકે પ્રેમલસિંહજી પી. ગોલ, ઉપપ્રમુખ ઘનશ્યામસિંહ ચૌહાણ, રમેશભાઈ રાવળ, અમીતભાઈ બી. બારોટ અને બાલકૃષ્ણભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી. તા. ૨૯ સપ્ટેમ્બરથી ૭ ઓકટોબર સુધી નવ દિવસ નવરાત્રી નિમિત્તે શેરી ગરબા પણ યોજાશે. ગાંધીનગરના રહીશોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થાના સલાહકાર ચીમલાલ એન. રાજગોર દ્વારા જણાવાયું છે.

## હવે શહેરમાં કારના ટાયરો પણ સલામત નથી..!



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં ઘરફોડ, વાહનચોરી, લુંટ જેવા બનાવ તો હવે સામાન્ય બની ગયા છે. ત્યારે ઘર પાસે પાર્ક કરેલી કાર પણ સલામત રહી નથી. શહેરમાં છેલ્લા ઘણા સમયથી ટાયર ચોરતી ટોળકી સક્રિય બની છે. જે ઉભી રહેલી ગાડીના ટાયરો ગણતરીની મિનિટોમાં ચોરી કરી જાય છે. સેકટર-૨૮ ઘ-૬ કોર્નર પાસે પાર્ક કરેલી આઈ ટેન કારમાંથી બે ટાયરોની ચોરી થઈ છે. આ ઘટના સોમવારની રાત્રીના સમયે બની છે. ત્યારે નગરજનોએ કાર મુકતા પણ હવે સો વખત વિચાર કરવો પડે તેવી સ્થિતિ ઉદ્ભવી છે.

નવા સેકટરોમાં થોડા સમય અગાઉ ટાયર ચોર ટોળકીએ હાહાકાર મચાવ્યો હતો. ત્યારે હવે જુના સેકટરનો વારો હોય તેમ લાગી રહ્યું છે. શહેરના નાગરીકોના ઘર કે વાહનો તો સલામત રહ્યા નથી. પરંતુ ચોર ટોળકી ટાયરો પણ ચોરી કરી જાય છે. શહેરના સેકટર-૧૧ ખાતે કેપીટલ ફલેક્ષ બેનર્સના પાર્ટનર જયંતિભાઈ મોહનભાઈ પટેલ સેકટર-૨૮ પ્લોટ નં.૨૨૩-૫ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. જયંતિભાઈ પટેલે પોતાની ગાડી આઈટેન કાર નં. જી.જે.૧૮.એ.એમ.-૪૩૩૯ સોમવારના રોજ રાત્રીના સમયે પાર્ક કરી હતી. ત્યારે સવારે ઉઠીને જોયું તો આઈટેન કારના ખાલી સાઈડના બંન્ને ટાયરોની ચોરી થવા પામી હતી. દિવસ-રાત્રી ભરચક રહેતા વિસ્તારમાં આ પ્રકારની ઘટના બનતા સ્થાનિક નાગરીકોમાં પણ ચિંતા જોવા મળી છે. ત્યારે બનાવ અંગે કાર માલિક જયંતિભાઈ પટેલે સે-૨૧ પોલીસ મથકે ટાયર ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ટાયર ચોર ટોળકીને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

## એન.એ.બી. દ્વારા ૨૭મીએ લોકડાયરો યોજાશે

એન.એ.બી. ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના સહયોગથી અંધજનોના લાભાર્થે તા. ૨૭ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે ભિખુદાન ગઢવી અને સાથી કલાકારોનો લોકડાયરો યોજાશે. સંસ્થાના સેકેટરી હરગોવિંદભાઈ દ્વારા નગરજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.